# વર્ધમાન સંસ્કાર ધામ

## જ્ઞાનદીપક પરીક્ષા આયોજન સૂચના પત્રક

<u>પરીક્ષકો માટે સૂચના</u>

૦૧) પરીક્ષા લેતી વખતે જ્ઞાન દીપક પુસ્તક પોતાની સાથે રાખવું .

૦૨) પોતાના વિદ્યાર્થીઓની,ઓળખીતાની,મિત્રોની પરીક્ષા ન લેવી.

૦૩) પરીક્ષાની ગંભીરતા જળવાઈ રહે તે રીતે વિદ્યાર્થીની પરીક્ષા લેવી.

૦૪) આપેલા પ્રશ્ન પેપરમાંથી જ સવાલ પૂછવાનો રહેશે.પ્રશ્નપત્રમાં ન હોય તેવો બીજો કોઈ પ્રશ્ન ન પૂછવો.

૦૫) પ્રશ્ન પત્રમાં પૂછાયેલા પ્રશ્ન નો જવાબ વિદ્યાર્થી એક વાર આપે તે સાચો કે ખોટો જે હોય તેના આધારે જ માર્ક મૂકવાના રહેશે. ફરીથી વિદ્યાર્થીને તે પ્રશ્નનો જવાબ આપવા ન કહેવું. દા.ત.: પ્રેકટીકલ વિધિમાં ખમાસમણ દેવાનું પૂછાયું હોય તો વિદ્યાર્થીએ જે રીતે ખમાસમણ દીધું તેના આધારે જ માર્ક મૂકવા.તેમાં ખોટું શું છે ? તે બતાવવાની જરૂર નથી કે પછી ફરીથી સાચું ખમાસમણ આપવા પણ કહેવું નહીં.

૦૬) પ્રશ્નપત્રમાં વિદ્યાર્થીનું પુરૂં નામ,જન્મતારીખ અક્ષરમાં (બની શકે તો અંગ્રેજીમાં) લખવા વિનંતી.

૦૭) દરેક પ્રશ્નના કુલ માર્ક તેમાં છાપેલા છે તેની સામેના ખાનામાંજ વિદ્યાર્થીએ મેળવેલ માર્ક અંગ્રજીમાં લખવા.

૦૮) વિદ્યાર્થીઓ સાથે પરીક્ષા સિવાયની બીજી કોઈ વાતો ન કરવા વિનંતી.

૦૯) દરેક પરીક્ષકે ( ૨૦ મિનિટમાં ૧) એરીતે સવારે ૧૦ અને બપોરે ૧૦ વિદ્યાર્થીઓની ઓરલ પરિક્ષા લેવાની છે. પ્રેકટીકલ પરીક્ષા લેનારે (૭ થી ૮ મિનીટમાં ૧) એ રીતે સવારે ૨૪ અને બપોરે ૨૪ વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની છે.

૧૦) પરીક્ષકે પ્રથમ વિદ્યાર્થી પ્રશ્ન પત્ર- ૧ માંથી, બીજાની પ્રશ્નપત્ર ૨ માંથી એ રીતે દસે વિદ્યાર્થીની એક પછી એક પરીક્ષા લેવી.

૧૧) ઈ.સ ૨૦૦૫ પછી જન્મેલા બાળકો નાના હોવાથી તેમના સૂત્ર પરિચય તથા પ્રેકટીકલ વિધિમાં ૭-૭ પ્રશ્નો મુકેલા છે એટલે કે તેમના માટે છેલ્લા ૨ પ્રશ્નો optional છે.

૧૨)	પ્રેકટીકલ વિધિની પરીક્ષા લેનારે ૧ થી ૨૪ વિદ્યાર્થીઓની ૧-૧ ની જુદી -જુદી પરીક્ષા ક્રમશ ૧ થી ૨૪ પેપરમાં છાપેલ પ્રશ્નો પૂછી ને લેવાની છે.તેમાંજ તેના માર્ક મૂકવાના છે.

૧૩)	સવારની પરીક્ષા પુરી થાય ત્યારે માર્ક મૂકેલા બધાજ પેપરો કવરમાં પેક કરી કાર્યકર ભાઈને આપવા, બપોરની પરીક્ષા પત્યા પછી પણ એજ રીતે કરવું. કવર પેક કાર્યકર ભાઈ, સંઘના વડીલ અને તમારી પોતાની હાજરીમાં કરવા અને બધાએ તેના ઉપર સહી કરવી તથા પોતાનું પુરું નામ લખવું.

૧૪)	વિદ્યાર્થીઓ હતાશ ન થાય તેની ખાસ કાળજી રાખવા વિનંતી.